**સ્વચ્છ ગામને પ્રોત્સાહિત કરવા માટે "ગુજરાત સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના"**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક :પરચ-૨૦૦૬-૧૮૧૧-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૧/૩/૨૦૦૭

<u>ઠરાવ</u> :-

**યોજનાનું નામ:-** આ યોજના "ગુજરાત સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના" તરીકે ઓળખાશે.

પંચાયત અધિનિયમની કલમ-૯૯ મુજબ અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલ જોગવાઈઓ મુજબ ગ્રામ પંચાયત વિસ્તારમાં સફાઈની વ્યવસ્થા કરવી એ ગ્રામ પંચાયતની પ્રાથમિક ફરજ છે તેમ છતાં આજની પરિસ્થિતિએ મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈની કામગીરી યોગ્ય થતી નથી. પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં બિમારીનું પ્રમાણ વધે છે. જેની સીધી અસર ગ્રામજનોની રોજગારી ઉપર પડે છે જેથી ગામમાં સફાઈ યોગ્ય રીતે થાય અને સફાઈ પ્રત્યે સભાનતા, જાગૃતિ ક્ષમતા તથા વ્યવસ્થાપન શકિત કેળવી સફાઈનું સ્તર ઉંચુ લઈ જવાની તથા તે રીતે ગ્રામ્ય જીવનનું સ્તર ઉંચુ લઈ જવાની જરૂરીયાત છે. તે માટે ગ્રામ પંચાયતને પ્રોત્સાહન સ્વરૂપે સફાઈ અને સ્વચ્છતા માટે ગ્રાંટ આપવામાં આવે તો તે ગ્રાંટનો ઉપયોગ ગામની સ્વચ્છતાની જાળવણી માટે અને સ્વચ્છતાના સાધનો વસાવવા માટે પ્રેરાઈને ગ્રામ પંચાયત પોતાનું ગામ સ્વચ્છ અને નિર્મળ બનાવવા કટિબધ્ધ બને. તે માટે **"ગુજરાત સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના"** આથી અમલમાં મુકવામાં આવે છે.

ગ્રામ વિકાસ ધ્વારા ટોટલ સેનીટેશન કેમ્પેઈન (ટી.એસ.સી.) પ્રોગ્રામ હાલમાં અમલમાં છે જેહેઠળ સેનીટેશન કામગીરી હાથ ધરવામાં આવે છે. ગ્રામ્યકક્ષાએ સેનીટેશન પ્રોગ્રામ માટે સદર યોજના(સ્વચ્છ ગામ સ્વચ્છગામ)ના સંપૂર્ણ અમલીકરણ માટે સફાઈ માટેના સાધનો હાથલારી તથા સફાઈ માટેના આધુનિક સાધનો વસાવવા માટે ટી.એસ.સી. પ્રોગ્રામમાંથી ખર્ચ કરી શકાશે.

આ <u>**યોજનાના ઉદ્દેશો નીચે મુજબ છે:-**</u>

૧) ગ્રામ પંચાયતનું સશક્તિકરણ
૨) ગ્રામ વિસ્તારમાં ઘન અનેપ્રવાહી કચરાના નિકાલથી સફાઈનું સ્તર ઉંચુ જશે.
૩) પાણીજન્ય/ સફાઈ સંબંધિત રોગચાળામાં અંકુશ
૪) સફાઈ વેરો/ગટર વેરો નાખવાનું ગ્રામ પંચાયતને પ્રોત્સાહન મળશે.
૫) સફાઈ ક્ષેત્રમાં રોજગારીનું સર્જન
૬) વધુ સારા સ્વચ્છ સમાજનું નિર્માણ

આ યોજના નીચે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવા માટે નીચેના માપદંડો ધ્યાને લેવામાં આવશે.

| ક્રમ | વિગત | માર્ક્સ | વધુમાં વધુ માર્ક્સ |
|---|---|---|---|
| | ગ્રામ પંચાયતને ગુજરાત પંચાયત અધિનિયમ અને તે હેઠળના નિયમો અનુસાર | | ૧૦ |
| | (અ) સફાઈ વેરો નાંખેલ હોવો જોઈએ. | | |
| | (૧) પાંચ વર્ષથી સફાઈ વેરો નાંખેલ હોય તો | ૮ | |
| | (૨) ત્રણ વર્ષથી ઉપર વેરો નાંખેલ હોય તો | ૫ | |
| | (૩) એક વર્ષથી સફાઈ ઉપર વેરો નાંખેલ હોય તો | ૩ | |
| | (બ) સફાઈ વેરો જે ગ્રામ પંચાયતે અગાઉથી નાંખેલ હોય તેમાં સમાયંતરે નિયત મર્યાદામાં વધારો કરેલ હોય તો | ૨ | |
| ૨. | સફાઈ કરની વસુલાતના ધોરણો માટે નીચે પ્રમાણે માર્કસ આપવાના રહેશે. | | ૧૦ |
| | સફાઈકરના માંગણાની સામે વસુલાતની ટકાવારી | | |
| | ૯૧ થી ૧૦૦ ટકા વસુલાત | ૧૦ | |
| | ૮૧ થી ૯૦ ટકા વસુલાત | ૮ | |
| | ૭૧ થી ૮૦ ટકા વસુલાત | ૭ | |
| | ૬૧ થી ૭૦ ટકા વસુલાત | ૬ | |
| | ૫૧ થી ૬૦ ટકા વસુલાત | ૫ | |
| ૩. | ઉકરડા દૂર કરવા તથા ઉકરડાની જગ્યા નિયત કરવા બાબતઃ— | | ૩૦ |
| | (અ) ગ્રામ પંચાયતદ્વારા ગામના પ્રવેશના રસ્તાની આજુબાજુ તથા ગામમાં ગામતળ(જૂના અને નવા)માં સરકારી જમીન તેમજ ખાનગી જમીનમાં ઉકરડા ન હોય તો | ૨૦ | |
| | (બ) ગામના ઉકરડા માટે ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ કરીને ગામથી દૂર ખરાબાની જગ્યાઓ (કોમ્પોસ્ટ પીટ અને ડમ્પીંગ સાઈટ)નિયત કરેલ હોવી જોઈએ.(૫૦ ટકા ઉપરના ઉકરડા માટે કોમ્પોસ્ટ પીટ અને ડમ્પીંગ સાઈટ નક્કી કરેલી હોવી જોઈએ) | ૧૦ | |
| ૪. | ગામમાં વ્યક્તિગત લેટ્રીન તથા સામુહિક લેટ્રીનની સગવડ | | ૨૦ |
| | ગામમાં કુલ ઘરોની સંખ્યા | | |
| | (૧) ૯૧ થી ૧૦૦ ટકા ઘરોમાં વ્યકિતગત તથા સામુહિક લેટ્રીન(જાજરૂ) હોય તો | ૨૦ | |
| | (૨) ૮૧ થી ૯૦ ટકા ઘરોમાં વ્યકિતગત તથા સામુહિક લેટ્રીન હોય તો | ૧૮ | |
| | (૩) ૭૧ થી ૮૦ ટકા ઘરોમાં વ્યકિતગત તથા સામુહિક લેટ્રીન હોય તો | ૧૬ | |
| | (૪) ૬૧ થી ૭૦ ટકા ઘરોમાં વ્યકિતગત તથા સામુહિક લેટ્રીન હોય તો | ૧૫ | |
| | (૫) ૫૧ થી ૬૦ ટકા ઘરોમાં વ્યકિતગત તથા સામુહિક લેટ્રીન હોય તો | ૧૦ | |

(૭) સહાયક ડે.તા.વિ.અધિ.શ્રી/કેળવણી નિરીક્ષક /સમાજ કલ્યાણ નિરીક્ષક (કોઈ પણ એક)

(૮) તાલુકા સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી

<u>ગ્રામ સુખાકારી સમિતિ</u> :-

(૧) સરપંચશ્રી (હોદ્દાની રૂએ અધ્યક્ષ )
(૨) મેડીકલ ઓફીસર (નજીકના પ્રા.આ.કેન્દ્ર)
(૩) પ્રાથમિક શાળાના આચાર્ય
(૪) ગામનાં દૂધ મંડળી /સહકારી મંડળીના ચેરમેન
(૫) તલાટી કમ મંત્રી (સભ્ય સચિવ)

<u>ગ્રામ સુખાકારી સમિતિની ફરજો</u> :-

(૧) ગ્રામ પંચાયતએ સફાઈના ક્ષેત્રમાં બજાવવાની ઉકત તમામ કામગીરી ગ્રામ સુખાકારી સમિતિ મારફત કરવાની રહેશે.
(૨) ગ્રામ સુખાકારી સમિતિએ પાત્રતા માટે નિયત કરવામાં આવેલ શરતો મુજબનાં તમામ કામગીરી હાથ ધરવાની રહેશે.
(૩) આ સમિતિની બેઠક દર મહિને મળશે અને સફાઈની કામગીરીની સમીક્ષા કરી સફાઈની કામગીરી સંતોષકારક થયેલ હોય તો સમીક્ષા કરી સંતોષકારક કામગીરી અંગેનો ઠરાવ કરવાનો રહેશે.
(૪) વસુલ થયેલ સફાઈવેરો/ ગટર વેરાની રકમ ફંડમાં જમા કરાવવાની જવાબદારી સમિતિના સભ્ય સચિવની રહેશે.
(૫) સફાઈ માટે રાજય સરકારશ્રી તરફથી આ યોજના હેઠળ મળનાર અનુદાનની રકમ ગ્રામ પંચાયત ફંડમાં જમા કરાવવાની રહેશે.
(૬) સફાઈ તથા ગટર વેરાની ઉપજની થતી આવક તથા યોજના હેઠળના અનુદાનના અલગ હિસાબો રાખવાના રહેશે.

<u>ગ્રાંટ ચૂકવણાનું ધોરણ</u>:-

(૧) ૯૧ થી ૧૦૦ માર્કસ મેળવતી ગ્રા. પં.ને જે તે વર્ષમાં સફાઈ વેરા તથા ગટર વેરાની જેટલી વસુલાત કરેલ હોય તે વર્ષ માટે તેટલી રકમ ગ્રાન્ટના રૂપમાં વધુમાં વધુ રૂા.૫૦૦૦૦/-ની મર્યાદામાં રાજય સરકારશ્રી તરફથી આપવામાં આવશે.
(૨) ૮૧ થી ૯૦ માર્કસ મેળવતી ગ્રામ પંચાયતોને જે તે વર્ષમાં સફાઈવેરા તથા ગટર વેરાની જેટલી વસુલાત કરેલ હોય તે વર્ષ માટે તેના ૭૫ ટકા સહાયક ગ્રાન્ટ અને વધુમાં વધુ રૂા. ૩૫,૦૦૦/- આપવામાં આવશે.
(૩) ૬૧ થી ૮૦ માર્કસ મેળવતી ગ્રા. પં.નેજે તે વર્ષમાં સફાઈ વેરા તથા ગટર વેરાની જેટલી વસુલાત કરેલ હોય તે વર્ષ માટે તેના૫૦ ટકા સહાય ગ્રાંટ અને વધુમ વધુ રૂા. ૨૫૦૦૦ /-આપવામાં આવશે.
(૪) જે ગ્રામ પંચાયતે જે તે નાણાકીય વર્ષ દરમ્યાન સફાઈ વેરાના માંગણાના ૫૦ ટકા કે તેથી વધુ સફાઈ વેરો વસુલ કરેલ હશે તેવી ગ્રામ પંચાયતોને રાજય સરકારશ્રી તરફથી વસુલાત કરેલ રકમ જેટલી જ રકમ પ્રોત્સાહન તરીકે ફાળવવામાં આવશે.
(૫) જે ગ્રામ પંચાયતોએ જે તે નાણાકીય વર્ષ દરમ્યાન પુરેપુરી ૧૦૦ ટકા વસુલાત કરેલ હોય તેવી ગ્રામ પંચાયતોને વસુલાત કરેલ રકમના ~~ઉપ્ન~~ ૧૧૦ ટકા જેટલી પ્રોત્સાહક રકમ ચુકવવામાં આવશે

નોંધઃ—ગામમાં વ્યકિતગત લેટ્રીનની સંખ્યાને કુલ લેટ્રીનની સંખ્યામાંથી બાદ કરતાં બાકી રહેતા ઘરો માટે ૧ સામુહિક લેટ્રીન = ૫ ઘરને આવરી લીધેલ છે.તેમ ગણતરી કરવાની રહેશે જે ધ્યાને લઈને નીચે પ્રમાણે ગુણાંકન કરવાનું રહેશે.
<u>દા.ત</u> (૧)એક ગામમાં ૫૦૦ ઘર છે તે પૈકી ૩૦૦ ઘરો વ્યકિતગત લેટ્રીન ધરાવે છે. જેથી ૨૦૦ ઘર લેટીન વિહોણા છે. પરંતુ ગામમાં જો ૪૦ સામુહિક લેટ્રીન બનાવેલ હોય તો (૪૦ X ૫= ૨૦૦) ૨૦૦ ઘરને લેટ્રીન યોજના હેઠળ આવરી લીધેલ છે. તેમ માની ઉપર દર્શાવ્યા મુજબનો ગુણાંકન કરવાનું રહેશે.

(૨)ઉપરોકત દાખલામાં ૪૦ સામુહિક લેટ્રીનના બદલે ૨૦ સામુહિક લેટ્રીન બનાવેલ હોય તો ૩૦૦ વ્યકિતગત લેટ્રીન પ્લસ ૧૦૦(૨૦ X ૫ ઘર =૧૦૦) એટલે કુલ ૪૦૦ ઘરોને લેટ્રીનની સગવડ મળે છે. તેમ ગણવાનું રહેશે. એટલે કે ૮૦ ટકાની કેટેગરીમાં ૧૬ માર્કસ ગણાશે.

૫. ગટર યોજના(લેટ્રીન સિવાયના પાણીના નિકાલ માટે) — ૧૫

(૧) સમગ્ર ગામમાં ખુલ્લી ગટર યોજના અમલમાં મુકેલ હોય તો દરેક લેટ્રિન માટેના સેપ્ટીક ટેન્ક હોય તે જરૂરી છે. અને ગટરમાં માત્ર બાથરૂમનું અને લેટ્રિન સિવાયનું અન્ય વપરાશનું પાણી જતું હોવું જોઈએ. — ૧૫

(૨) ગામમાં ૮૦ ટકા કે વધુ ઘરોના વિસ્તારમાં ગટર યોજના અમલમાં હોય તો — ૧૦

(૩) ગામમાં ૫૦ ટકા વિસ્તારમાં ગટર યોજના અમલમાં હોય તો — ૫

૬. ગામમાં એપ્રોચ રોડ ઉપર વૃક્ષ ઉછેર — ૧૦

(અ) ગામમાં એન્ટ્રી /એપ્રોચ રોડની બન્ને બાજુ ૧૦૦૦ રોપા રોપેલ હોય અને ઉછેરેલ હોય તો — ૧૦

(બ) ૮૦૦ રોપા રોપેલ હોય અને ઉછરેલ હોય — ૮

(ક) ૫૦૦ રોપા રોપેલ અને ઉછરેલ હોય તો — ૫

૭. ગોબર બેંક — ૫

ગામમાં ગોબર બેંક યોજના અમલમાં મુકેલ હોય તો — ૫

<u>યોજના અમલીકરણનું માળખુ :—</u>

સહાયનીરકમ ચુકવવાપાત્ર ગામ પંચાયતો નકકી કરવા મટે જિલ્લા/ ગ્રામ કક્ષાએ નીચે મુજબની અમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે.

<u>જિલ્લા કક્ષાની સમિતિ :—</u>

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (હોદ્દાની રૂએ અધ્યક્ષ)
(૨) નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
(૩) સમાજ કલ્યાણ અધિકારીશ્રી
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
(૫) જિલ્લા સામાજીક ન્યાય સમિતિ
(૬) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી(વિકાસ)—સભ્ય સચિવ

<u>તાલુકા કક્ષાની સમિતિ :—</u>

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી (હોદ્દાની રૂએ અધ્યક્ષ)
(૨) મેડીકલ ઓફીસર (પ્રા.આ.કેન્દ્ર)

**ગ્રાંટ ફાળવણીની પધ્ધતિ :–**

૧. ગ્રામ સુખાકારી સમિતિએ પોતાના ગામની દરખાસ્ત યોગ્ય ભલામણો સાથે તાલુકા કક્ષાની સમિતિને મોકલી આપશે.

૨. તાલુકા સમિતિ ગ્રામ સુખાકારી સમિતિ તરફથી આવેલી દરખાસ્તો ચકાસણી કરીને તથા માપદંડના આંકડાકીય(માર્કસની)ચકાસણી કરીને અભિપ્રાય સાથે જિલ્લા સમિતિને મોકલી આપશે.

૩. જિલ્લા સમિતિ તાલુકા સમિતિ પાસેથી આવેલ ભલામણો ચકાસણી કરીને ચુકવવાપાત્ર ગ્રાંટ અંગે ભલામણ કરશે.જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સબંધિત ગ્રામ પંચાયતને હુકમો કરી તેને મળવાપાત્ર ગ્રાંટ ફાળવી આપવાની રહેશે.

**સહાયનો ઉપયોગ**

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતા અનુદાનનો ઉપયોગ માત્ર સફાઈની પ્રવૃતિ માટે જ અને સફાઈ સાધનો ખરીદવા,ગટર વ્યવસ્થા સબંધી કામો માટે,સામુહિક લેટ્રીન સુવિધામાં વધારો કરવા માટે કરવાનો રહેશે.

**ગ્રાંટ અંગેનો ખર્ચ–૧** આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટની જોગવાઈમાંથી ખર્ચ કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક–૭૦ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અંદાજપત્ર મુખ્યસદર–૨૫૧૫ અન્યગ્રામીણ વિકાસ કાર્યક્રમો,ગૌણસદર–૮૦૦ અન્ય ખર્ચ પેટાસદર-- ૭૩ ઉત્તમ ગ્રામ પંચાયત પસંદગી યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૦–૧-૦૭થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

આ યોજનાનો અમલ નાણાંકીય વર્ષ ૨૦૦૭–૦૮ એટલે કે તા.૧–૪-૦૭ થી કરવાનો રહેશે.

આ યોજનાનું રાજયસ્તરે મોનીટરીંગ વિકાસ કમિશ્નરશ્રી,ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[signature] ..૩.૦૭

(બી.એસ.રાજપૂત)
સેકશન અધિકારી,
પંચાયત,ગ્રામગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
- માન.મંત્રીશ્રી/રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ (તમામ)
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી ~~અને~~ ગ્રામવિકાસ સચિવશ્રી,ગ્રામવિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. ([illegible])
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(સર્વે)
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(રાજય)(સર્વે)
- ચેરમેનશ્રી સામાજીક ન્યાય સમિતિ,જિલ્લા પંચાયત(સર્વે)
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(રાજય)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ([illegible])
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી(પં.)નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી સી કટ ફાઈલ.
- સીલેકટ ફાઈલ.